# આજથી વિધાનસભાનું અંદાજપત્ર સત્ર

## રાજ્યપાલશ્રીનું સંબોધન : ૨૫ દિવસનું સત્ર : ૨૭ બેઠક : પ્રથમ દિવસે જ પેપરલીક કૌભાંડીઓ સામે કડક પગલાં સૂચવતુ વિધેયક રજુ કરી મંજૂર કરવામાં આવશે : બન્ને પક્ષોની મળેલ બેઠકો

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યની નવરચિત પંદરમી વિધાનસભાના દ્વિતીય સત્રનો આજથી આરંભ થઈ રહ્યો છે તે પૂર્વે આજે કામકાજ સલાહકાર સમિતિ તેમજ ફલોર વ્યુહરચનાને લઈ ભાજપ-કોંગ્રેસની બેઠકો યોજાઈ હતી.

રાજ્યના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતના સંબોધન સાથે ગૃહની બેઠકનો આરંભ થશે. રાજ્યપાલશ્રીના સંબોધનમાં સરકારે કરેલી કામગીરીને બિરદાવવા ઉપરાંત અગ્રેસર ગુજરાત બનવા તરફની ગતિની કેડી કંડારતી બાબતો હશે તેમ જાણવા મળેલ છે.

રાજયના નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ શુક્રવારે વર્ષ ૨૦૨૩-૨૪નું અને તેમનુ બીજુ બજેટ રજુ કરશે.

વિધાનસભાના આ સત્રના પ્રથમ દિવસે જ પેપરલીક કૌભાંડીઓ સામે આક્રમકરૂખ અપનાવવાના સરકારના સંકેતો સાથેનું વિધેયક ચર્ચાને અંતે પસાર કરવામાં આવનાર છે.

૨૫ દિવસ ચાલનારા આ સત્ર માટે ૨૭ બેઠકો નિયત કરવામાં આવી છે. સરકાર તરફથી આ સત્રમાં ત્રણ સરકારી વિધેયકો ગૃહની મંજૂરી માટે લાવવામાં આવનાર છે.

વિધાનસભાના સત્રને લઈ સંકુલ તેમજ સચિવાલયની આસપાસ ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે. વિધાનસભાના આ બજેટ સત્રમાં નાણાંકીય કામકાજ પર ભાર વધુ મુકવામાં આવ્યો છે.

સત્રના પ્રથમ દિવસે રાજ્યપાલશ્રીના પ્રવચન બદલ આભાર પ્રસ્તાવ પછી શોક દર્શક ઉલ્લેખો રજુ થશે જેમાં પૂર્વ રાજ્યપાલ ઓ.પી. કોહલીના અવસાન બદલ શોકદર્શક પ્રસ્તાવ ઉપરાંત પૂર્વ ધારાસભ્યોના અવસાન અંગે શોક દર્શક પ્રસ્તાવ પસાર કરી મૌન પાળવામાં આવશે.

વિધાનસભા સત્ર અંગેની તમામ તૈયારીઓ વિધાનસભા સચિવાલય દ્વારા પૂર્ણ કરી દેવામાં આવી છે.

વિધાનસભાના આ સત્ર દરમ્યાન રજુ થનાર વિવિધ માંગણીઓ અને નવી બાબતોને લઈ સચિવાલયે પણ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે.

દરમ્યાન વિધાનસભાના આ સત્ર દરમ્યાન કોંગ્રેસ પ્રજાના પ્રશ્નો રજુ કરવામાં કોઈ કચાશ નહિ રાખે તેવો નિર્ણય કોંગ્રેસના સભ્યોની મળેલ બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો.

# ઋતુ પરિવર્તનના ગાળામાં ખાંસી, ઈન્ફેક્શનના અસંખ્ય દર્દીઓ વધ્યા

## ગળામાં દુઃખાવો, સોજો અને ખાંસીના દર્દીઓથી દવાખાનાઓ ઉભરાયા : કોઈ દવા અસર ન કરે તેવી સતત ખાંસીથી દર્દીઓ પરેશાન - ડોક્ટરો લાચાર

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાય દિવસોથી ખાંસી અને ગળાના ઈન્ફેક્શનના દર્દીઓ વધી રહ્યા છે. અત્યારે તો આવી એક જ પ્રકારની ફરીયાદ લઈને આવતા દર્દીઓથી દવાખાનાઓ રીતસર ઉભરાઈ રહ્યા છે. સતત આવતી ઉધરસમાં કોઈ દવા અસર કરતી ન હોવાથી દર્દીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે.

શહેરમાં છેલ્લા બે માસથી વિચિત્ર પ્રકારની ખાંસીનો ઉપદ્રવ વધ્યો છે. સૌ પ્રથમ નાના બાળકો અને ત્યારબાદ યુવાનો, વડીલોને પોતાના ભરડામાં લેનાર ખાંસીથી દર્દીઓ રીતસર પરેશાની ભોગવી રહ્યા છે. શહેરની ખાનગી અને સરકારી હોસ્પિટલો, દવાખાના અને નાના ક્લીનીક પણ દર્દીઓથી રીતસર ઉભરાઈ રહ્યા છે. તબીબો કહી રહ્યા છે કે અગાઉ ક્યારેય ન નોંધાયા હોય તેટલી મોટી સંખ્યામાં હાલ દર્દીઓ આવી રહ્યા છે. મોટાભાગના દર્દીઓ શરદી, ખાંસી અને ગળાના દુઃખાવાની ફરીયાદ લઈને આવી રહ્યા છે.

ખાસ કરીને ઘણા દિવસોથી આવતી ઉધરસની પરેશાની દર્દીઓ ભોગવી રહ્યા છે. વળી નવાઈની વાત એ છે કે આ પ્રકારની ખાંસીમાં કોઈપણ પ્રકારની દવા અસર કરતી નથી. વળી ખાંસીની તીવ્રતા ખુબ વધુ હોય છે. દર્દી દિવસ-રાત ખાંસી-ખાંસીને થાકી જાય છે. સતત ૨૦-૨૫ દિવસ ખાંસીની ફરીયાદ રહેતા દર્દી અવનવી દવાનો ઉપયોગ કરે છે. તો પણ રાહત મળતી નથી. તબીબો પણ આ પ્રકારની ખાંસીની ફરીયાદો સાંભળીને અચંબિત થઈ ગયા છે. દર્દીઓ ખાંસીથી થાક્યા છે તો તબીબો પણ કોઈ દવા અસર કરતી ન હોવાથી લાચારી અનુભવી રહ્યા છે. હાલમાં ઘરે ઘરે આ જ પ્રકારની ફરિયાદો સાંભળવા મળી રહી છે.

# જિલ્લા પંચાયતના બજેટને લઈ અધિકારીઓ સાથે બીજી બેઠક પ્રમુખે બોલાવી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલે આજે જિલ્લા પંચાયતના શાખાધિકારીઓની બેઠક બોલાવી અને બજેટની જોગવાઈઓમાં જરૂરી સુધારા-વધારા કરવાની સૂચનાઓ આપી હતી.

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રને આખરી કરવા માટે તંત્ર દ્વારા કવાયત ચાલી રહી છે. પંચાયતના બજેટમાં આ વખતે ઘણી બધી બાબતોમાં કાપ આવવાના સંકેતો મળી રહ્યા છે.

પંચાયતની સ્વભંડોળની ગ્રાન્ટમાં આવકવૃધ્ધિ ઓછી થઈ છે તેમજ સાધનો સિમીત થતાં પંચાયતનું સ્વભંડોળ સીમીત બન્યુ છે. આવકના નવા સ્ત્રોત ઉભા કરવામાં વહીવટ સંભાળનાર સત્તાધીશો નિષ્ફળ રહ્યા છે.

મનપા વિસ્તારમાં ૧૯ ગામ અને નગરપાલિકા વિસ્તાર ભેળવ્યા પછી આવકમાં જે ઘટાડો નોંધાયો છે તેની સીધી અસરો આ બજેટમાં જોવા મળશે.

પંચાયતમાં વહીવટીતંત્ર પ્રજાભિમુખ પણ બની શક્યુ નથી એટલુ જ નહિ પંચાયતે ગત વખતે જેટલી ફાળવણી કરી હતી તેમાં પણ રકમનો ખર્ચ ઓછો થયાનું ચિત્ર સામે આવ્યુ છે. પંચાયતમાં આવકના નવા સાધનો ઉભા કરવાના વિકલ્પો પર તેમજ મહેસુલી ઉપકરના દરમાં સુધારો કરવા અંગેની કવાયત તંત્ર દ્વારા કરાઈ હોવાની વાતો છે.

જિલ્લા પંચાયતમાં સત્તાધારી પક્ષમાં પણ જૂથબંધી તેમજ ચૂંટાયેલા પાંખ અને વહીવટીય પાંખ વચ્ચેના મતભેદો પણ સપાટી પર આવ્યા હોવાથી પંચાયતમાં મહત્વના નિર્ણયો અટવાયાની ચર્ચાએ જોર પકડ્યુ છે. બજેટ બેઠક પંચાયતની માર્ચના પ્રથમ પખવાડિયાના અંતિમ ચરણમાં યોજાઈ શકે છે તેમ પંચાયતના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. બજેટને લઈ પંચાયત પ્રમુખે આજે બીજીવાર શાખાધિકારીઓ સાથે બેઠક યોજી હતી.



હોળીના આગમનના એંધાણ - હવે, હોળી આવી રહી છે... એના શુકન લઈને મારવાડી પરિવારો આજકાલ ગાંધીનગરમાં ડફલીના તાલે ફાગને આમંત્રણ આપી રહ્યા હોય ગીત-નૃત્યની અભિવ્યક્તિ કરે છે... અને હોળીની ખુશીમાં હોળીની ગોઠ માગે છે... મારવાડી પરિવારો પાસેથી હોળી ઉત્સવના ગીતો સાંભળવા જેવા હોય છે... (જો સમય હોય તો...) આ જ સંસ્કૃતિની પરંપરા છે... આ જ ભારતીય સમાજ જીવનની ખુબી અને ખુશી છે... ઉત્સવ પ્રિયતા ભારોભાર છલકાય છે આપણી પરંપરામાં....

# ભારતમાલા પ્રોજેક્ટમાં જમીન માપણીના મામલે ખેડૂતોએ આંદોલનની ચીમકી ઉચ્ચારી

## સુગમ કામગીરી માટેની બેઠકમાં ખેડૂતોએ આંદોલનની ચીમકી ઉચ્ચારી : સર્વે અને ફિઝીબીલીટી રિપોર્ટમાં વિગતો ખોટી રજુ કરાઈ હોવાનો ખેડૂતોનો આક્ષેપ

ગાંધીનગર, તા. ૨૨

ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત જમીન માપણીને લઈ ખેડૂતોનો સહકાર મળી રહે તે માટે આજે યોજાયેલ બેઠકમાં ખેડૂતોએ એક સૂરમાં વિરોધ કરી આક્રમક રજુઆતો કરી હતી તેમજ ઉગ્ર આંદોલનની ચીમકી આપી છે.

ગાંધીનગર જિલ્લામાંથી આ પ્રોજેક્ટ પસાર થઈ રહ્યો છે ત્યારે ખેડૂતોએ આજની બેઠકમાં નેશનલ હાઈવે ઓથોરીટીના સર્વેને જ પડકાર્યો હતો તેમજ આ રૂટ માટે ઓપ્શન-એક સ્વીકારવા માટેના શું કારણો છે તેની સ્પષ્ટતા માંગી હતી.

જિલ્લાની પ્રાઈન એગ્રીકલ્ચર જમીન સંપાદન કરવા કરતાં અન્ય વિસ્તારની પસંદગી કરવી જોઈએ તેવી આક્રમક રજુઆત ખેડૂતોએ કરી હતી. તેમણે જોઈન્ટ મેજરમેન્ટ સર્વેમાં ખેડૂતો સહકાર નહિ આપે તેવી સ્પષ્ટ વાત રજુ કરી હતી.

ભારતમાલા પ્રોજેક્ટના વિરોધ માટે રચાયેલ સમિતિના આગેવાનોએ જણાવ્યુ હતુ કે ત્રણેય સીઝનમાં પાક લેવાય છે તેમજ ભૂગર્ભજળની સ્થિતિ સારી નહિ હોવાનો સર્વેમાં જે ઉલ્લેખ કરાયો છે તે વાત સાચી નથી. આ ખેડૂતોએ જમીનના ભાવ બાબતે તેમજ જમીનની ઉત્પાદકતા વિશે ફિઝીબીલીટી રિપોર્ટને ખોટી લેખાવી હતી.

અગાઉ કલોલમાં પણ આ મામલે બબાલ થઈ હતી અને નેશનલ હાઈ-વે ઓથોરિટીએ ખેડૂતોને વિશ્વાસમાં લીધા વિના જમીન ઉપર ખૂંટા મારી દેતાં ખેડૂતોએ હંગામો કર્યો હતો. ભારત માલા પ્રોજેક્ટ સામે ખેડૂતો છેલ્લા કેટલાય સમયથી લડત ચલાવી રહ્યા છે. આ બેઠકમાં મામલતદાર, સર્કલ ઓફિસર. નેશનલ હાઈ-વે ઓથોરિટીના અધિકારીઓ તેમજ જિલ્લાના પોલીસ અધિકારીઓ હાજર રહ્યા હતા. આ બેઠકમાં અસરગ્રસ્ત ખેડૂતોની સમન્વય સમિતિના સભ્યોને હાજર રાખવામાં આવ્યા હતા. જેમાં પ્રાંત અધિકારી દ્વારા સર્વેમાં અડચણ ન કરવા તેમજ કાયદો હાથમાં ન લેવા બાબતે સરપંચોને પોતાના ગામના ખેડૂતોને સમાજવવા માટે જણાવ્યું હતું. રોડનું નિર્માણ કરનાર

● અનુસંધાન પાન-૭ પર

# આજે મગોડીમાં ૭૭ દિકરીઓ પ્રભુતામાં પગલાં માંડશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર તાલુકાના મગોડી ખાતે મહાકાળી યુવક મંડળ દ્વારા ૬ઠ્ઠા સમૂહ લગ્નોત્સવનું આયોજન કરાયુ છે.

૭૭ દિકરીઓના કન્યાદાનનો સંપૂર્ણ ખર્ચ રાયસણના પટેલ ભરતભાઈ ડાહ્યાભાઈ તરફથી કરવામાં આવનાર છે.

આ સમૂહ લગ્નોત્સવને લઈ આખા ગામમાં ખુશીનો માહોલ છે. આ માટે અલગ અલગ કમિટીઓની રચના પણ કરવામાં આવી છે.

ઠાકોર સમાજના આ સમૂહલગ્નને લઈ તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી હોવાનું બેચરજી ઠાકોર અને અન્ય આગેવાનોએ જણાવ્યુ હતુ.

# જિલ્લામાં નવા વર્ષના પ્રારંભે ત્રણ કિસ્સામાં બાળ લગ્ન અટકાવાયા

## આગામી લગ્નસરાની સિઝન દરમિયાન બાળલગ્ન અટકાવવા તાલુકા વિકાસ અધિકારી મામલતદાર પોલીસ ઇન્સ્પેક્ટરની ટીમ સાથે જોઈન્ટ એક્શન પ્લાન તૈયાર કરાયો

ગાંધીનગર જિલ્લામાં બાળ લગ્ન પ્રતિબંધક ધારાનો વધુ કડકાઈથી અમલ કરાવવા માટે તંત્ર હવે વધુ એક્શન મોડ માં આવશે. જ્યારે આ અન્વયે ગાંધીનગર જિલ્લામાં નવા વર્ષમાં તંત્ર દ્વારા ત્રણ કિસ્સામાં બાળ લગ્ન થતાં અટકાવવામાં આવ્યા હતા લગ્નસરાની આગામી સિઝનમાં તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર અને પોલીસ ઈન્સપેક્ટર ટીમ પણ તપાસમાં કામે લાગશે

ગાંધીનગર જિલ્લામાં બાળ લગ્ન થતાં અટકાવવા સમાજ સુરક્ષા વિભાગ એક્શન મોડ માં છે વિભાગ કક્ષાએથી છેલ્લા એક વર્ષમાં લગ્ન થતા હોય તેવા સાત કિસ્સા માં કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી મુજબ બાળ લગ્ન સંદર્ભે મળતી માહિતી કે ફરિયાદના અનુસંધાને તંત્ર દ્વારા સ્થળ પર પહોંચીને તપાસ કરવામાં આવે છે જ્યારે લગ્નની વિધિ પુરી થઈ ગઈ ન હોય તો તો આવા કિસ્સામાં વિધિ અટકાવી દેવામાં આવે છે જેના અંતે સગીર વયની બાળાને સુરક્ષિત રાખી શકે તેવા પરિવારજનોને સોંપીને તેમની પાસે બાળા પુખ્ત વયની ન થાય ત્યાં સુધી લગ્ન કરાવવામાં નહીં આવે અને તેની સંભાળ રાખવામાં આવશે તેવી બાહેંધરી પણ લેવામાં આવે છે જ્યારે મહિના દરમિયાન આ મામલે તપાસ કરવામાં આવે છે. જો બાળ લગ્ન કરાવી દેવામાં આવ્યા હોય તો તેવા કિસ્સામાં કોર્ટ કેસ દાખલ કરવામાં આવે છે બાળ લગ્નના મામલે કાયદાની જોગવાઈ પ્રમાણે કોર્ટ તેમાં કસૂરવાનને રૂપિયા ૨ લાખ સુધીનો દંડ અને પાંચ વર્ષની જેલની સજા ની જોગવાઈ છે

જોકે લગ્નસરાની મોસમ પુરી થવા આડે ગણતરીના દિવસો રહ્યા છે પરંતુ આગામી લગ્ન સિઝન ને અનુલક્ષીને પણ વિભાગ કક્ષાએથી બાળ લગ્ન અટકાવવા વિશેષ વોચ રાખવામાં આવશે અખાત્રિજ ના દિવસે પણ વિશેષ લગ્ન થતા હોય છે જિલ્લાના મુખ્ય બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી એવા જિલ્લા કલેક્ટર દ્વારા આ સમયગાળા દરમિયાન વિશેષ તપાસ ઝુંબેશ ચલાવવા સુચના આપવામાં આવી છે જ્યારે આ મામલે તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર, પોલીસ ઈન્સપેક્ટર અને પ્રાંત અધિકારીને સત્તા સોંપવામાં આવી છે. જોઈન્ટ એક્શન પ્લાન તૈયાર કરી દેવાયું છે જેના અંતે ગુપ્ત રાહે માહિતી મેળવવાની સાથે તપાસ કરીને બાળ લગ્ન અટકાવવા પગલા હાથ ધરાશે

# શહેરની પાંચ પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓનો બે કરોડનો મિલ્કતવેરો બાકી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગરપાલિકાને મિલ્કતવેરો ભરવામાં શૈક્ષણિક સંકુલો પણ ઉદાસીનતા દાખવી રહ્યાની વાતો બહાર આવવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે પાંચ જેટલી નામાંકિત શૈક્ષણિક સંસ્થાઓ પાસેથી જ રૂ. બે કરોડ જેટલો મિલ્કતવેરો વસુલવાનો બાકી છે.

તંત્રની ટીમોએ પણ આ બાબતે આક્રમક વલણ અખત્યાર કર્યુ છે. એકાદ બે સંસ્થાઓએ થોડીક રકમ જમા કરાવી અને બાકીની રકમ ઝડપથી ભરી દેશે તેવી ખાત્રી આપી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં મિલ્કતવેરાની વસુલી માટે તંત્રએ ૧૫૦૦થી વધુ મિલ્કતધારકોને નોટીસ આપી છે તો ૨૦ જેટલી મિલ્કતો સીલ કરી છે. મિલ્કતવેરાની વસુલી માટે મનપાની ટીમો શૈક્ષણિક સંસ્થાઓ પર પહોંચી હતી પરંતુ સમયની માંગણી કરતાં તે ગ્રાહ્ય રાખવામાં આવેલ છે. જો કે માર્ચ ૧૫ પહેલા પૈસા ભરી દેવા જણાવવામાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

# જુના સેકટરોમાં મેં મહીના સુધીમાં પાણીની લાઈન નાંખવાનુ કામ પુર્ણ કરાશે

## ઉનાળાની ગરમીના દિવસોમાં એકાદ સેકટરમાં પ્રયોગિક ધોરણે સપ્લાય પણ અપાશે : નવા સેકટરમાં પણ હવે ઝડપથી લાઇન નાંખવાનુ કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે પાણી અને ગટરની નવી લાઈન નાંખવામાં આવી રહી છે. દાયકાઓ જુની ગટર લાઈન પણ પર્યાપ્ત ન હોવાના લીધે મોટા ડાયામીટરવાળી લાઈન નાંખવામાં આવી રહી છે. જયારે પાણીની સાંકડી લાઈનો પણ બદલીને શહેરમાં ૨૪ કલાક પાણીનો સપ્લાય આપવા માટે સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ ચાલી રહ્યુ છે. શહેરના જુના સેકટરોમાં હાલ પાણીની લાઈન નાંખવાનુ કામ ઝડપથી ચાલી રહ્યુ છે. સુત્રોના જણાંવ્યા મુજબ આગામી મેં મહીના સુધીમાં જુના સેકટરોમાં કામ પુર્ણ કરી દેવાશે જયારે ઘર સુધીના જોડાણ પણ આપી દેવાશે જયારે ગરમીના દિવસોમાં એકાદ સેકટરોમાં પ્રાયોગિક ધોરણે સપ્લાય પણ આપવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે પાણીની નવી લાઈન નાંખવાની કામગીરી ચાલી રહી છે. જયારે બીજીતરફ ગટર લાઈનનુ પણ કામ હાથ ધરાયુ છે. શહેરમાં દાયકાઓ જુની પાણી ગટર લાઈન બદલીને નવી લાઈન નાંખવામાં

● અનુસંધાન પાન-૭ પર

# ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષી આગામી સપ્તાહમાં પરીક્ષા સમિતિની બેઠક યોજાશે

## જિલ્લામાંથી અંદાજિત ૫૦ હજાર વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે : પરીક્ષાની બેઠક વ્યવસ્થા પારદર્શકતા અને શાંતિપુર્ણ આયોજન માટે ટુંકમાં માસ્ટર પ્લાન તૈયાર કરી દેવાશે

ગાંધીનગર તા ૨૨

ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા માટેનુ કાઉન્ડ ડાઉન શરૂ થઈ ગયુ છે. આગામી મહીનામાં બોર્ડ પરીક્ષા લેવામાં આવશે ગાંધીનગર જિલ્લામાંથી પણ અંદાજિત ૫૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં હાજરી આપશે જયારે બોર્ડની પરીક્ષા દરમિયાન યોગ્ય બેઠક વ્યવસ્થા જળવાય તેમજ વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની હાલાકી ન વેઠવી પડે કે ગેરરીતી ન થાય તે માટે આગામી સપ્તાહમાં પરીક્ષા સમિતિની બેઠકમાં માસ્ટર પ્લાન તૈયાર કરી દેવાશે. બોર્ડની પરીક્ષા નજીક આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરીક્ષાલક્ષી ઉત્તેજના પ્રબળ બની છે. વિદ્યાર્થીઓ આખરી દિવસોમાં ગળાડુબ તૈયારીમાં લાગી ગયા છે.

આગામી માર્ચ મહીનામાં ધો -૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓની બોર્ડ પરીક્ષા લેવાશે. બોર્ડ પરીક્ષાને અનુલક્ષી હાલ વિદ્યાર્થીઓ ગળાડુબ તૈયારીમાં છે. પરીક્ષાનો સમય નજીક આવતા વિદ્યાર્થીઓમાં પરીક્ષાલક્ષી ઉત્તેજના પ્રબળ બનતી જાય છે. શાળા અને ટયુશનના વર્ગોમાં પણ પરીક્ષાની તૈયારીઓ આખરી તબક્કામાં ચાલી રહી છે. જયારે વિદ્યાર્થીઓની બોર્ડ કસોટીને અનુલક્ષી વાલીઓ પણ વિશેષ ઉત્સુક જોવા મળે છે. ત્યારે આગામી બોર્ડ પરીક્ષાના યોગ્ય આયોજના માટે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ તેમજ શિક્ષણતંત્ર પણ તૈયારીમાં લાગી ગયુ છે. જિલ્લામાં ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષા શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે પુરતી તકેદારી સાથે માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે.

આગામી દિવસોમાં માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરી ખાતે વિવિધ જિલ્લાઓ માટે બોર્ડ પરીક્ષાને અનુલક્ષી એક બેઠક પણ યોજવામાં આવશે જયારે ગાંધીનગર જિલ્લામાં પણ અંદાજિત ૫૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપવાના છે. ત્યારે બોર્ડ પરીક્ષાના યોગ્ય આયોજન માટે આગામી સપ્તાહમાં પરીક્ષા સમિતિની બેઠક પણ યોજવામાં આવશે. બોર્ડની પરીક્ષાને અનુલક્ષી વિવિધ બ્લોકમાં બેઠક વ્યવસ્થા પરીક્ષા કેન્દ્રો પર પારદર્શકતા જળવાઈ રહે તેમજ કોઈપણ પ્રકારની ગેરરીતી કે શાંતિ ભંગ ન થાય તે માટે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં એક બેઠક પણ યોજવામાં આવશે જેમાં પરીક્ષા સંદર્ભે આખરી આયોજન કરવામાં આવશે. ગત વર્ષ દરમિયાન પણ કોરોનાની અસર વચ્ચે શાળામાં પ્રત્યક્ષ શિક્ષણ પુરતા સમય સુધી કાર્યરત ન હતુ જયારે વર્ષ ૨૦૨૦માં બોર્ડની પરીક્ષા રદ કરવામાં આવી હતી જયારે આ વર્ષે લાંબા સમયના અંતે સમગ્ર વર્ષ શાળામાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય પણ

● અનુસંધાન પાન-૭ પર

# લઘુત્તમ તાપમાન વધતા ઠંડી ગાયબ થઈ

## આગામી ચાર-પાંચ દિવસોમાં જ ભયંકર ગરમીનો સામનો કરવો પડી શકે છે

ગાંધીનગર, તા. ૨૨

એક દિવસ લઘુત્તમ તાપમાનમાં ઘટાડા બાદ પુનઃ તાપમાન ઉંચકાયુ છે. એક જ દિવસમાં લઘુત્તમ તાપમાનનો પારો ચાર ડિગ્રી જેટલો ઉંચકાતા વાતાવરણમાંથી જાણે ઠંડી ગાયબ થઈ ગઈ છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ચાર-પાંચ દિવસો દરમ્યાન જ ગરમીનો પારો ઉંચકાઈ શકે છે અને આકરી ગરમીનો સામનો કરવો પડે શકે છે.

ફેબ્રુઆરી માસ જેમ જેમ તેના અંતિમ દિવસો તરફ જઈ રહ્યો છે તેમ તેમ ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. એકાદ-બે દિવસ સહેજ વાદળછાયુ વાતાવરણ રહેતા વાતાવરણમાં ઠંડક છવાઈ હતી. લઘુત્તમ તાપમાન ઘટીને ૧૨.૭ ડિ.સે. સુધી પહોંચતા રાત્રીના સમયે ઠંડક અનુભવાતી હતી. જો કે એકાદ બે દિવસ વાતાવરણમાં ફેરફાર રહ્યા બાદ પુનઃ તાપમાન વધવા માંડ્યુ છે. લઘુત્તમ તાપમાન એક જ દિવસમાં લગભગ ચાર-સાડાચાર ડિગ્રી જેટલુ વધુને આજે ૧૬.૨ ડિ.સે. પર પહોંચ્યુ છે જેના કારણે ઠંડી જાણે સાવ ગાયબ થઈ ગઈ છે. જયારે ગઈકાલે મહત્તમ તાપમાન ૩૬.૫ ડિ.સે. નોંધાયુ હતુ જે સહેજ ઘટીને ૩૫.૨ ડિ.સે. પર પહોંચ્યુ હતુ.

હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ચાર-પાંચ દિવસોમાં જ ગરમી જોર પકડી શકે છે. પવનની ગતિ વધશે સાથે જ તડકો આકરો બનશે. આકરો તડકો હેરાન-પરેશાન કરી શકે છે. મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની નજીક પહોંચી શકે છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com